EDII

Divya Bhaskar

December 19, 2017
Page No.3
of Business Bhaskar

## અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને ઔદ્યોગિક સાહસ માટે 10 લાખથી 1 કરોડ સુધીની લોન મળી રહે છે

# અનુસૂચિત ઉદ્યોગ સાહસિકોના વિકાસનો પ્રયાસ



### અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને પડતી મૂશ્કેલીઓ

- અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોનો વ્યવસાયિક જગતામાં સ્વિકૃતિનો અભાવ.
- નાણાકીય સંસ્થાઓ દ્વારા અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકો તરફ ઉદાસીન વલણ.
- યોજનામાં અરજી કરવાની મૂશ્કેલ પ્રક્રિયા.
- કોલેટરલ સિક્યુરિટી માટે પડતી મૂશ્કેલી.
- માર્ગદર્શન, માહિતી અને તાલીમ માટે સચોટ - સિંગલ વિન્ડો સર્વિસિસન જરૂરિયાત.

**સ્ટાર્ટઅપ ટોક**

પ્રકાશ સોલંકી

કોઈપણ અર્થતંત્રને મજબૂત કરવા માટે દેશના ઉદ્યોગ સાહસિકોનો હંમેશા સિંહફાળો હોય છે, પરંતુ જ્યારે ભારત જેવા લોકતાંત્રિક દેશના અર્થતંત્રને મજબૂત કરવાની વાત હોય ત્યારે ફક્ત આર્થિક નીતિઓ જ નહીં પરંતુ સામાજીક માળખાને પણ મજબૂતી આપવી તે પાયાની જરૂરિયાત છે. સામાજીક સુદ્રઢતા એ અર્થતંત્રની મજબૂતીનો આધાર બની રહે છે. આ સામાજીક સુદ્રઢતા સુનિશ્ચિત કરવા માટે સમાજના છેવાડાના વર્ગનું વ્યવસાયિક જગતમાં યોગદાન બની રહે તે જરૂરી છે. સાંપ્રત સમયમાં અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકો માટે વ્યાવસાયિક ક્ષેત્રે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ છે. તેમના સર્વાંગી વિકાસ માટે પૂરતા પ્રયત્નો તેમજ માળખું ઉભું કરવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયની શરૂઆત કરવા માટેની તાલીમ, માર્ગદર્શન અને નાણાકીય સહાયની વ્યવસ્થાને સુનિશ્ચિત કરવામાં આવેલ છે. ખાસ આ વર્ગને ધ્યાનમાં રાખીને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજનાનું અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે. જેમાં અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોન તેમજ મહિલા ઉદ્યોગ સાહસિકોને તેના ઔદ્યોગિક સાહસ માટે રૂ. 10 લાખથી રૂ. 1 કરોડ સુધીની લોન મળી રહે તેનું આયોજન કરેલ છે. જેનો 18 વર્ષની ઉપરના કોઈપણ અનુસૂચિત જાતિ અથવા તો મહિલા ઉદ્યોગ સાહસિક લાભ લઈ શકે છે.

પરંતુ હજુપણ આ યોજનાનું અપેક્ષિત પરિણામ મેળવવામાં ક્યાંક ઉણપ વર્તાય છે. જેમાં લોકોની આ યોજના વિશે જાગૃતિ હોવી એ મહત્વનો મુદ્દો હોવા ઉપરાંત સક્ષમ ઉદ્યોગ સાહસિકો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે જરૂરી પ્રક્રિયાને સરળ બનાવવી તે પણ મહત્વનો મુદ્દો બની રહ્યો છે. અને આ માટે જ ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા, અમદાવાદ તેમજ બીજી અનેક આ ક્ષેત્રની નિષ્ણાંતો સંસ્થાઓને આવા અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિક લાભાર્થીઓને માર્ગદર્શન તથા તાલીમ આપવા માટે 'હેન્ડ હોલ્ડિંગ' તરીકે નિમવામાં આવેલ છે. જેની માહિતી www.standupmitra.in પર જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સીડીબી (સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા) દ્વારા સમગ્ર દેશમાં તેનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. એક વર્ષમાં 44800 કરતાં વધુ લોન અરજીઓનું રૂ. 9690 કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકો વધુમાં વધુ આવી યોજનાનો લાભ લઈ આર્થિક મુખ્ય ધારામાં સામેલ થાય તે માટે પૂરતાં પ્રયાસો કરવામાં આવી રહેલ છે. તેની સામે લાભાર્થી ઉદ્યોગ સાહસિકો પણ આ માટે પોતાને સક્ષમ બનાવે તે જરૂરી છે. આજના ડિજિટલ યુગમાં વ્યવસાયની પૂર્ણ માહિતી સાથે 'વાયેબલ બિઝનેસ પ્લાન' લઈ વ્યવસાય જગતમાં આવવું તે જવાબદારી ઉદ્યોગ સાહસિકની છે. વ્યવસાય અંગેની સંપૂર્ણ માહિતી હોવી અને વ્યાવસાયિક જગતમાં ટકી રહેવા માટેનું આયોજન તથા વ્યૂહરચના એ સક્ષમતા અને સફળતા સુનિશ્ચિત કરવા માટેના માપદંડ છે. પરંપરાગત વ્યવસાયકર્તાઓ માટે નવા અભિગમને સ્વિકારવા મૂશ્કેલી સંભવી શકે છે, પરંતુ વિકાસ માટે પરિવર્તનની સ્વિકાર્યતા જરૂરી છે. બદલતા સમય અને સંજોગો સાથે વ્યવસાયિક પરિણામો પણ બદલાય છે. આ યોજનાને ફળદાયી બનાવવા માટે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ અનેક સેમીનાર અને કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉદ્યોગ સાહસિકોને પડતી મૂશ્કેલીઓ તથા યોજનાની જરૂરિયાતોની હકારાત્મક વલણ સાથે ચર્ચા કરવામાં આવી છે. આવો જ એક સેમીનાર હમણાં જ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યો. જેમાં મોટી સંખ્યામાં અનુસૂચિતા જાતિના સંભવિત ઉદ્યોગ સાહસિકો હાજર રહ્યાં તેમજ તેને માર્ગદર્શન આપવા સીડબી, ઈડીઆઈઆઈ, એમએસએમઈ જેવી સંસ્થાના તજજ્ઞો હાજર હતાં.